# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 59 ❖ Issue : 10 ❖ Pages : 48 ❖ May 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ તથા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન

## નૂતન ઓફીસનું ઉદ્‌ઘાટન



શ્રી ઝાલાવાડ સંઘની ઓફીસનું ઉદ્‌ઘાટન
સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ
સાથમાં પ્રમુખશ્રી દિલીપભાઈ શાહ, શ્રી જીતુભાઈ કોઠારી,
શ્રી વિનોદભાઈ શેઠ અને શ્રી હર્ષદભાઈ શાહ



શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનની ઓફીસનું ઉદ્‌ઘાટન
શ્રીમાન શ્રેષ્ઠીવર્ય અનંતરાય શાંતિલાલ શાહના કરકમલો દ્વારા
કરી રહ્યા છે. સાથમાં શ્રી રસિકભાઈ મણીઆર,
શ્રી નવીનભાઈ મણીઆર તથા શ્રી જયેન્દ્રભાઈ શાહ


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જ્વેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જ્વેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ -મુંબઈ

*સંચાલિત*

# શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ (યાત્રિકભવન) પાલીતાણા

**લાભાર્થી**



શ્રી તારાચંદ પોપટલાલ શેઠ



સ્વ. શ્રી રાજેશભાઈ તારાચંદ શેઠ



માતુશ્રી લલીતાબેન તારાચંદ શેઠ

## માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ
## સ્વ. શ્રી રાજેશભાઈ તારાચંદ શેઠના આત્મ શ્રેયાર્થે

# શાશ્વતા તીર્થમાં નવપદજીની શાશ્વતી આયંબીલ ઓળી

શાશ્વતા તીર્થાધિરાજ સિદ્ધાચલ ગીરીરાજ તીર્થની પવિત્ર પાવનકારી તીર્થની ભૂમી પર આસો માસની નવપદજીની આયંબિલ ઓળી વિક્રમ સંવત – ૨૦૮૦ના આસોસુદ – ૬ ને બુધવાર તા. ૦૯–૧૦–૨૦૨૪ થી ૧૭–૧૦–૨૦૨૪ સુધી (અત્તરવાયણા થી પારણા સુધી તા.૦૮–૧૦–૨૦૨૪ થી ૧૮–૧૦–૨૦૨૪) અગિયાર દિવસ, એ સુવર્ણ તપધર્મ આરાધના અવસરના લાભાર્થી **માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ સુપુત્ર સ્વ.શ્રી રાજેશભાઈ તારાચંદ શેઠ**ના આત્મશ્રેયાર્થે છ માસ અગાઉ પરિવારે આ લાભ મેળવી પુણ્યનું ભાથુ બાંધી લીધુ, એમ કહેશું તો ખોટું નહીં કહેવાય.

આ પરિવાર માટે જેટલું લખીએ તેટલું ઓછું ગણાશે. **શ્રી વિનોદભાઈ શેઠ, લઘુબંધુ શ્રી હસમુખભાઈ શેઠ** એટલે સમાજ માટે તન, મન અને ધનથી સમાજને સમર્પિત થઈને દરેક કાર્ય કરી રહ્યા છે. પછી તે શ્રીસંઘનું હોય. યાત્રિકભવન હોય, ફાઉન્ડેશન હોય, ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ હોય. તેમના લઘુબંધુ સ્વ.શ્રી રાજેશભાઈ શેઠની (હૈયાતીમાં) અને ધર્મપત્ની સાથે પરિવારના સભ્યોની ઉત્કૃષ્ટ ભાવના હતી કે શાશ્વતા તીર્થમાં આયંબીલ ઓળી કરાવીએ.

છેલ્લા પચ્ચીસ વર્ષથી શ્રી સંઘ અને સમાજસેવાના કાર્યો સાથે હાલમાં ઝાલાવાડ ફાઉન્ડેશનના ચેરમેન તરીકે શ્રી વિનોદભાઈ શેઠ સેવા આપી રહ્યા છે. તેજ પ્રમાણે તેમના લઘુ બંધુ શ્રી હસમુખભાઈ શેઠ જુહુ જૈન શ્વે.મૂ.પૂ. સંઘમાં ઘણા વર્ષોથી પ્રમુખ તરીકે સેવા સાથે માતબર રકમ આર્થિક યોગદાન આપી પુણ્યના, સત્કાર્ય શાસનનાં સુકૃત કાર્યો દ્વારા પુણ્યનું ભાથું બાંધી રહ્યા છે.

આવા પરિવારને આવા તપ–ધર્મનો લાવ લીધો છે. તે બદલ શ્રીસંઘ – સમાજ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ



રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની, મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે, ૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩



પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



છૂટક મુલ્ય રૂા.૩/-



Email :
**zalawadjainsangh@gmail.com**
Website :
**www.zalawadjainsangh.org**


# તંત્રી સ્થાનેથી....

સેવેલા સપના પૂર્ણ કરતા, ભગીરથ પુરૂષાર્થ, અવિરત પ્રયત્નો, અથાગ પરિશ્રમ ધ્યેયપૂર્ણ કરવા લક્ષ્ય સુધી પહોંચવા સખત અને સતત મહેનત કરી પરિપૂર્ણ કરવું. આ બધાજ શબ્દોશ્રી દિલીપભાઈ માટે લખી શકાય. છેલ્લા પાંચ વર્ષમાં સમાજની મોટી યોજના જેવી કે નુતન ઓફીસ, યાત્રિકભવનમાં બ્લોક રિનોવેશન, સોલાર પ્લાંટ, લિફ્ટ વગેરે જેવી શરૂ કરી પરિપૂર્ણ કરી છે. ચોક્કસ આમાં ટ્રસ્ટીશ્રી, હોદ્દેદારો અને કમિટી સભ્યોનો સાથ-સહકાર રહેલો છે.

તા.૫-૫-૨૦૨૪ને રવિવારના રોજ શ્રી ઝાલાવાડ સંઘની નવી ઓફીસનું ઉદ્ઘાટન સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહના કરકમલો દ્વારા અને શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનની ઓફીસનું ઉદ્ઘાટન શ્રીમાન શ્રેષ્ઠીવર્ય અનંતરાય શાંતિલાલ શાહના કરકમલો દ્વારા કરવામાં આવ્યું.

મારા પંદર વર્ષ (૨૦૦૯) થી આજ સુધીના અનુભવો સાથે દિવંગત મુરબ્બી શ્રી અનોપચંદભાઈના માર્ગદર્શન, શ્રી અરવિંદભાઈ શાહના નિચોડ, શ્રી દિલીપભાઈ શાહની શિખામણ-સલાહ, તેમની રાહબરી અને પ્રમુખપણામાં જે શીખવાનું મળ્યું છે. જે સ્કુલ કે કોલેજમાં નથી મળતું.

વિ.સં.૨૦૭૬ (૨૦૧૯)ના આસોમાસના નવરાત્રિમાં દશેરાના દિવસે શ્રી દિલીપભાઈને લકવા (પેરેલિસિસ)ના ભારે હુમલામાં શરીરના જમણો હિસ્સો ક્ષતિગ્રસ્ત થયો, બિલકુલ કામ કરતો બંધ થઈ ગયો. થોડા સમય માટે સંઘ અને સમાજના અધુરા કાર્યો કોણ પુરા કરશે? તેઓ અઘરો પ્રશ્ન ઘણાનાં મનમાં થયો. પરંતુ સેવાના સત્કાર્યો કરવાનું જેનાં લોહીમાં વહે છે, વણાયેલું છે તેવા શ્રી દિલીપભાઈ માટે એટલું કહી શકાય ''મનના અડગ માનવીને હિમાલય પણ નડતો નથી.'' અને આ કહેવત શ્રી દિલીપભાઈએ સાબિત કરી આપી છે.

આઠ માસથી પણ વધારે સમય સુધી ફીજિયોથેરેપી દ્વારા ભારે અને અઘરી દિવસમાં ત્રણ વખત કસરત કરી સાજા થવા માટેના પ્રયત્નો કર્યા. તેમજ જે હાથથી બિલ્કુલ લખી શકતા ન હતા. કેટલીક કસરતો ગરમ પાણીની ચેમ્બરમાં કરી, આવા શારીરિક તકલીફ વાળો કપડો સમય પસાર કરી ફરી હરતા-ફરતા થયા અને રોજબરોજના કાર્યો કરતા રહ્યા અને કુટુંબ જવાબદારી, વ્યવહારિક પ્રસંગો, ધંધાના મોટા પ્રોજેક્ટમાં ધ્યાન આપવા સાથે સંઘ અને સમાજની સંસ્થાઓની ''માથે લીધેલ જવાબદારી પૂર્ણ કરીને જ રહીશ'' એવા સંકલ્પ શક્તિ અને દઢ મનોબળ સાથે યુવાનોને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી કાર્યો પૂર્ણ કર્યા. આવી સમાજ સમર્પિત વ્યક્તિ વિશેષ પ્રતિભા ભવિષ્ય મળશે કે નહીં? ખબર નથી... પરંતુ અત્યાર સુધી કોઈ મળેલ નથી. તેવું મારૂં માનવું છે.

## શું વાંચશો? આ અંકમાં...


★શ્રી સંઘ અને ફાઉન્ડેશન નુતન ઓફીસ ઉદ્ઘાટન ફોટા અને અહેવાલ ★ ચૈત્ર માસ આયંબિલ ઓળી ફોટા - અહેવાલ ★ અંધેરી મંડળ વાર્ષિક કાર્યક્રમની વિગત ★ આયુષ્માન કાર્ડ અને મ.જ્યોતિબા ફુલે કાર્ડ વિશે માહિતિ અને સેમિનાર ★ બોરીવલી મંડળ નોટબુક વિતરણ વિગત ★ ઝાલાવાડ ગ્લોબલ અને જે.જે.સી. વિદેશ અભ્યાસ સેમીનાર વિશે ★ ઝેડ.બી.એફ. તલાશ કાર્યક્રમ વિશે ★ મુલુંડ મંડળ ફોટા અને અહેવાલ ★ આસો માસની ઓળીના લાભાર્થી ફોટા, અહેવાલ, ઓળીનું ફોર્મ, શરતો નિયમો અને સુચના ★ પરા-મંડળ, મહિલા મંડળ, યુવા મંડળ અહેવાલ અને સમાચાર ★ સંઘ સાધર્મિક ભક્તિ અને કેળવણી ફીના ફોર્મની માહિતી ★ પરા મંડળના વાર્ષિક કાર્યક્રમો વિશે ★ શુભ વેવિશાળ, સગપણ બાયોડેટા અને શ્રધ્ધાંજલિ

## અભૂતપૂર્વ...અવિસ્મરણીય...ઐતેહાસિક અવસર....

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

## નૂતન ઓફીસ ઉદ્દ્ઘાટન ❖ લક્કી ડ્રો સમારંભ તા.૫-૫-૨૦૨૪, રવિવાર

શ્રી ઝાલાવાડ સંઘના આંગણે સમાજ અગ્રગણ્ય સમાજ રત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ, દિવંગત શ્રી અનોપચંદભાઈ ખીમચંદ શાહ, શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ વગેરે સેવેલા સપનાઓ સાકાર થાય ત્યારે કેટલો ઉત્સાહ અને આનંદ હોય. આવોજ પ્રસંગ શ્રી સંઘ શતાબ્દી વર્ષ પછી કદાચ પ્રથમવાર જોવા મળ્યો.

૨૦૧૯ના ૨૨, સપ્ટેમ્બરના રોજ સંઘપ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી, અને હોદ્દેદારોની મીટીંગ દામોદર વાડી ખાતે સર્વાનુમતે નિર્ણય લેવાયો જે પૂર્ણ કરતા ૩ વર્ષ લાગ્યા (કોરોનાના ૨ વર્ષ બાદ કરતા) કે શ્રી સંઘની પોતાની માલિકીની એક ઓફીસ લેવી જોઈએ. તેજ મીટીંગમાં રૂા.૫ લાખ, રૂા.૨ લાખ, અને રૂા.૧ લાખના મળી દાતાઓના રૂા.૪૫ લાખનું અનુદાનના વચનો મળ્યા અને શ્રીગણેશ થયા. જેમાં પાંચ લાખ આપતા દાતાશ્રીની કાયમી ધોરણે ઓફીસમાં મુકાશે. તેમજ રૂા.૧ લાખ અને તેનાથી વધારે અનુદાન આપશે તે સર્વે દાતાશ્રીઓનો ભાગ્ય ભક્તિ ડ્રો દ્વારા જે નામ નીકળશે તે દાતાશ્રીની તકતી ઓફીસ બહાર મુકવામાં આવશે.

સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ, સમાજરત્ન શ્રી ચીનુભાઈ, આઈ.પી.પી. શ્રી અરવિંદભાઈ ચોક્કસ લક્ષ સુધી પહોંચવાના અથાગ પ્રયત્નો સમાજના અગ્રગણ્યો, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારોને સાથે રાખી અને રૂા. એક કરોડ ચૌપન લાખ એકત્રિત કર્યા. સમાજ શ્રેષ્ઠીઓએ અનુદાન ઉદારતાથી આપી આ ઉમદા સેવાલક્ષી, સમાજના વહીવટી કાર્યો થઈ શકે તે ઓફીસ માટે નવા બની રહેલા બિલ્ડીંગમાં બુકીંગ કરવામાં આવેલ જેનું બાંધકામ પૂર્ણ થતા સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ, દાતાઓની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય ઉદ્દ્ઘાટન તથા લકી ડ્રો સમારંભનું આયોજન થયું.

ઉપરોક્ત ઓફીસ ફંડ યોજનામાં કુલ ૫૧ દાતાઓનાં અનુદાન મળેલ. જેમાં રૂા.૫ લાખના ૨૫ દાતાઓ તરફથી વચન મળેલ. રૂા.૨ લાખના ત્રણ દાતાઓ, રૂા.૧ લાખ ૮ હજારના બે, અને રૂા.૧ લાખના એકવીશ દાતાઓ તરફથી વચન મળેલ. ઉદ્દ્ઘાટનના દિવસે એક દાતાશ્રી કેયુરભાઈ કોઠારીએ પિતાશ્રી કિર્તિભાઈ અનોપચંદભાઈ કોઠારીના નામથી રૂા.૫ લાખ આપેલ હતા. તે જ પરિવારે બીજા રૂા.૫ લાખ માતુશ્રી હેમલતાબેન કિર્તિભાઈ કોઠારીના નામે નોંધાવી ઉમદા લાભ લીધેલ હતો.

(વધુ વિગતો અને અહેવાલ આવતા અંકમાં)

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ–મુંબઈ

## શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામ

## યાત્રિક ભવન શાશ્વતા તીર્થાધિરાજ સિધ્ધગિરી તીર્થ પાલીતાણા મધ્યે થયેલ

## ચૈત્ર માસની શાશ્વતી નવ પદજીની આયંબીલની ઓળીનો અહેવાલ...

**વિ.સં.૨૦૮૦ ચૈત્ર સુદ-૭ સોમવાર તા.૧૪-૪-૨૦૨૪ થી ચૈત્ર વદ-૧ રવિવાર તા.૨૪-૪-૨૦૨૪**

**લાભાર્થી**

**શ્રીમતી ભામીનીબેન દિલીપભાઇ ખીમચંદ શાહ પરિવાર**

**સ્વ. શ્રી પરાગભાઇ દિલીપભાઇ શાહના આત્મશ્રેયાર્થે**

**હ. : શ્રીમતી શ્વેતા રૂપેશભાઇ શાહ અને શ્રીમતી શીલ્વી પરાગભાઇ શાહ પરિવારે**

અભૂતપૂર્વ શાશ્વતી નવપદજી ની આયંબીલ ઓળીનો શુભ પ્રારંભ શાશ્વતી તીર્થધિરાજ સિધ્ધગીરી તીર્થ ભૂમી પર ચૈત્રમાસ નવપદજી આયંબીલની ઓળી ચૈત્ર સુદ-૭ ને સોમવારના રોજ ૧૧૭ આરાધકોએ શુભ પ્રારંભ કરેલ.

પાલીતાણા મુકામે ઝાલાવાડના નઝરાણા સમા શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામના આંગણે તૃતીય તપ સાથે ધર્મ આરાધના કરાવવાનો અવસર પ્રાપ્ત થયો. તૃતીય શ્રી નવપદજી ઓળીના લાભાર્થી ખેરવા નિવાસી હાલ દાદર-મુંબઈ શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ ખીમચંદ શાહ પરિવારે લાભ લઈ શુભઆરંભ કરાવી. તપ સાથે ધર્મ આરાધનાનો લાભ લીધેલ છે. જે આવનારા સમયમાં શ્રી સંઘ અને સમાજ એક યાદગાર સંભારણા તરીકે યાદ રાખશે જ. યાત્રિક ભવનના છવ્વીસ બ્લોકને લીધે ૧૧૭ આરાધકોને લેવાની ગણતરી સામે ૧૫૬ થી પણ વધારે આરાધકોએ અરજીપત્રક ફોર્મ ભરી તેમાં જોડાવા ભાવના ભાવેલ હતી. પરંતુ બ્લોકની મર્યાદાના લીધે બધાની અરજીનો સ્વીકાર કરી શકેલ નહી. એટલે કેટલાક આરાધકો અનિવાર્ય સંજોગોને લીધે આવી શકેલ નહી.

આરાધકોને શાતા રહે અને ખૂબજ સુંદર રીતે આરાધના કરી શકે તે માટેની માર્ગદર્શિકા પૂરી પાડવા આયંબીલ ઓળી વ્યવસ્થા

સમિતિ દ્વારા શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી કેતનભાઈ કે. શાહ અને શ્રી મીતેશભાઈ એસ. શાહ વિ. તરફથી તા. ૧૦-૪-૨૦૨૪ ને બુધવારના રોજ ૪.૦૦ કલાકે સર્વે આરાધકોને માર્ગદર્શન આપવા દામોદરવાડી મધ્યે ચૌવિહારની વ્યવસ્થા સહ આમંત્રણ આપ્યું હતું. સુંદર અગોતરા આમંત્રણ સાથે માર્ગદર્શન સૂચના અને નિયમોની મીટિંગ ખૂબજ સફળ અને પરિણામદાયી રહી. આયોજકોને ધન્યવાદ આપેલ હતા.

આ મીટિંગની વિશિષ્ટતા એ હતી કે તેમાં ખુદ લાભાર્થી પરિવારના મોભી શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ, શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ તથા સુપુત્ર શ્રી રૂપેશભાઈ અને પુત્રવધૂ શ્રીમતી શ્વેતાબેન અને શ્રીમતી સિલ્વીબેન પોતે હાજર રહીને સર્વે આરાધકોના ભાવપૂર્ણ વંદન કરી ને હરખઘેલા બન્યા હતા. આ સમયે આપણા લોકપ્રિય પ્રજાવત્સલ યુવા પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ, I.P.P. શ્રી અરવિંદભાઈ શાહ, ઉપ-પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, ઉપ-પ્રમુખ શ્રી કમલેશભાઈ પારેખ, મંત્રીશ્રી, સહમંત્રી શ્રી, ખજાનચીશ્રી, સહ-ખજાનચીશ્રી, કારોબારી સભ્યશ્રી, રૂપેશભાઈ શાહ, વિ. હાજર રહી આરાધકોને ઓળી નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી શુભેચ્છા સહ, અનુમોદનાઓ વરસાવતા હતા. આ મીટિંગનું સંચાલન મંત્રીશ્રી મુકેશભાઈ શાહે કરેલ હતું.

પાલીતાણા તીર્થે આરાધકોનું ભવ્ય સામૈયું : તા. ૧૪-૦૪-૨૦૨૪ ના શુભ પ્રભાતે સર્વે આરાધકોનું સોનગઢ સ્ટેશને આગમન થયું. સર્વે આરાધકો માટે યાત્રિકભવન જવા માટે બે બસની સુંદર વ્યવસ્થા કરી હતી. બસો જેવી યાત્રિકભવન પહોંચી તરત જ લાભાર્થી પરિવારના શ્રી રૂપેશભાઈ તથા પુત્રવધુ શ્રીમતી શ્વેતાબેન તથા શ્રીમતી સિલ્વીબેન તથા શ્રી મુકેશભાઈ, શ્રી કેતનભાઈ વ્યવસ્થા સમિતીના સભ્યો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા ઢોલનગારાના કર્ણપ્રિય સુરો દ્વારા કંકુ ચાંદલો કરી મોતીની માળાથી શ્રીમતી ભામિનીબેન, શ્રી રૂપેશભાઈ અને શ્રીમતી શ્વેતાબેન તથા શ્રીમતી સિલ્વીબેનનું સ્વાગત કરી આરાધકોનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. વહેલી પ્રભાતનું આ પ્રથમ દશ્ય જોઈને સૌના હૈયા હેતપ્રિતના હિલોળે ચડ્યા.

સવારે ચૌવિહારની સર્વે આરાધકો માટે સુંદર વ્યવસ્થા હતી. બપોરે સ્વરૂચી ભોજનની પણ ઉત્તમ વ્યવસ્થા હતી. સાંજે અત્તરવાયણા શાહી જમણવાર સાથે જયણાપૂર્વક સંપન્ન થઈ.

આયંબિલની સુંદર વ્યવસ્થા : વિ. સં. ૨૦૮૦ ચૈત્ર સુદ-૭ સોમવાર તા.૧૫-૪-૨૦૨૪ થી ચૈત્ર વદ-૧ બુધવાર તા.૨૪-૪-૨૦૨૪ સુધી રસોઈના જાણકાર મહારાજ શ્રી રામભાઈ, શ્રી વિજયભાઈ દ્વારા આયંબીલની ઓળીના આરાધકોને રોજ-રોજ નવી-નવી વાનગીઓ ઈડલી-સંભાર, ખાંડવી, નુડલ્સ, પાસ્તા, પાણીપુરી, મગની દાળના પુડલા, શેકેલી ભેળ, અડદ દાળના ઢોકળા, મસાલા મેથી, ડાળીયા, પાતવડર,

ચટણી, ચણા જોર ગરમ, પોપકૉર્ન, વિ. વિવધ પ્રકારની વાનગીઓ સાથે ગરમા ગરમ રોટલી, ફુલકા, રોટલા આગ્રહ કરીને આરાધકોને પિરસવામાં આવતું. લાભાર્થી પરિવારના શ્રીમતી ભામિનીબેન, સુપુત્ર શ્રી રૂપેશભાઈ પુત્રવધુ શ્રીમતી શ્વેતાબેન અને શ્રીમતી સિલ્વીબેન આયંબીલના આરંભથી અંત સુધી આરાધકોને ભાણા ઉપર જઈ પોતે જાતે વસ્તુઓ લઈને ભાવપૂર્વક પીરસતા. ઉપ-પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મંત્રી, શ્રી મુકેશભાઈ (આરાધક) રસોડાની અને ભોજનશાળાની વ્યવસ્થામાં નિરીક્ષણ કરતા.

આરાધકોને બસ દ્વારા સ્થાનિક તીર્થોની સ્પર્શના : આરાધકો માટે સ્થાનિક પાલીતાણાની આજુબાજુમાં નજીકના તીર્થોની પાવન સ્પર્શના - અદ્વિતીય સિધ્ધવડ-ઘેટીની પાગ, રોહીશાળા, ડેમ તીર્થ, અઢીદ્વીપ, કીર્તીધામ વિ. તીર્થોની સેવા-પૂજા-દર્શન-સ્પર્શના કરાવવામાં આવેલ.

યાત્રા પ્રવાસના પુણ્યવંત લાભાર્થી પરિવારો : શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ, એક સદ્‌ગૃહસ્થ પરિવાર, શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ, શ્રીમતી ગીતાબેન અરૂણભાઈ શાહ, શ્રીમતી જાગૃતિબેન બારભાયા, શ્રીમતી રંજનબેન શાહ, શ્રીમતી કલ્પનાબેન અરવિંદભાઈ સલોત, શ્રીમતી ઉષાબેન અને શ્રીમતી વીણાબેન તથા શ્રીમતી ગીતાબેન દિલીપભાઈ શાહ સર્વેએ લાભ લીધેલ હતો.

શ્રી રૂપેશભાઈ સુઝબુઝ - સાથે દેખરેખ રોજબરોજની આવશ્યક સૂચના દેવગુરૂ ધર્મકૃપા આશીર્વાદ મેળવે છે.સાથે આરાધકોને તકલીફ ન પડે તેવી સુક્ષ્મ બાબતોનું ધ્યાન રાખી.

## પાલીતાણા શહેરના પ્રાચીન જિનાલયોની દર્શન-વંદન-સ્પર્શના

શહેરના પ્રાચીન જિનાલયો જેવા કે શ્રી નરશીનાથા ધર્મશાળાનું, પારસ સોસાયટીનુ, સર્વોદયનું, કંકુબાઈની પ્રાચીન તળેટીનુ, અને કાંચનું દેરાસર વગેરે ના ટેક્ષી અને રિક્ષા દ્વારા દર્શન-વંદન-સ્પર્શના-સેવાપૂજા દરેક આરાધકો ભક્તિભાવ પૂર્વક આરાધના કરવા જોડાયેલા.

।। શતમ્ જીવેત શરદ: ।।

## ભવ્ય અનુમોદના સમારંભ

તા. ૨૩-૪-૨૦૨૪ મંગળવાર ચૈત્રી પૂર્ણિમાની રાત્રે ભક્તિના સુંદર ગીતો મધુર સ્વર દ્વારા દરેકને મગ્ન બનાવી રસ તરબોળ શ્રી નિલેશભાઈ બારોટે કરેલા હતા. લાભાર્થી પરિવારના મોભી શ્રી દિલીપભાઈ, શ્રીમતી ભામિનીબેન, સુપુત્ર શ્રી રૂપેશભાઈ, પુત્રવધુઓ શ્રીમતી શ્વેતાબેન અને શ્રીમતી સિલ્વીબેનનું બહુમાન શ્રી સંઘ ઉપ-પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, ઉપ-પ્રમુખ શ્રી કમલેશભાઈ પારેખ, મંત્રી શ્રી મુકેશભાઈ, તથા શ્રીમતી સરોજબેન, શ્રીમતી જ્યોતીબેન, શ્રીમતી જસ્મીનાબેન, વિગેરે એ લાભાર્થી પરિવારના દરેક સભ્યનું તિલક, મોતીની માળા, શાલ અને અનુમોદના સન્માન પત્રથી બહુમાન કરવામાં આવેલ.

શ્રી સંઘ દ્વારા અનુમોદના સન્માન પત્રનું અર્પણ કરતા પહેલા અનુમોદના પત્રનું પઠન આરાધક અને મંત્રી શ્રી મુકેશ ઉત્તમચંદ શાહે કર્યું હતું. લાભાર્થી પરિવારના સન્માનનો પ્રતિસાદ વ્યક્ત કરતા પુત્રવધુ શ્રીમતી શ્વેતાબેન, શ્રીમતી સિલ્વીબેન શ્રી રૂપેશભાઈ શાહ અને શ્રી દિલીપભાઈ શાહે ઓળી કરાવવાની શ્રી ઝાલાવાડ સંઘે અનુમતી આપી તેથી જ અમારા પરિવાર માટે આ ઓળી કરાવવાનો લાભ મળ્યો.

આરાધકોની અનુમોદના કરતાં ગદ્‌ગદ્ કંઠે કહ્યું કે જો તમારા જેવા પુણ્યવંત આરાધકો જ ન આવ્યા હોત તો અમે ઓળી કોને કરાવતા. ખરેખર તમો આરાધકોને લીધેજ અમે સફળ રહ્યા છીએ. આપ સર્વેનું ઋણ વ્યક્ત કરીને અનુમોદના કરૂં છું, વંદન કરૂં છું ત્થા અગીયાર દિવસ દરમ્યાન કોઈનું વાણીથી -વ્યવહારમાં દિલ દુભાયું હોય તો 'મિચ્છામી દુક્કડં'. સમગ્ર ઓળી દરમ્યાન શાસન સમ્રાટ નેમિસૂરિશ્વરજી દાદાના સમુદાયના પ્રવચન પ્રભાવક સુમધુર કંઠધારક શ્રી યોગશ્રમણ વિજયજીએ નિશ્રા પ્રદાન કરી હતી. નવે દિવસ નવપદજીના વિષયો ઉપર પ્રભાવક વ્યાખ્યાનની અસ્ખલિત ધારા વહાવી હતી. વ્યાખ્યાન પ્રભાગીરી ઉપાશ્રયે રાખવામાં આવેલ હતા.

પ્રતિક્રમણ : ભાઈઓ ઝાલાવાડ યાત્રિક ભવન અને બહેનો કંચનગીરી ધર્મશાળા - ઉપાશ્રયમાં અને શ્રીપાલ રાજા અને મયણાસુંદરીના રાસનું વાચન સા.ભ.શ્રી પરાગયશાશ્રીજી મ.સા. ની નિશ્રામાં નવ દિવસ શ્રવણ કરવાનો લાભ મળ્યો હતો. ચૈત્ર સુદ- ૧ ૩ના દિવસે સુશોભિત વસ્ત્રો મસ્તક પર સાફા બાંધી શ્રી પ્રભુજી ને રથમાં બીરાજમાન કરી શ્રી જય તળેટી આરાધક ભાઈઓ - બહેનો જૈન ધર્મનો ખેશ પહેરી જોડાયા હતા. શ્રી જય તળેટી સામૂહીક ચૈત્યવંદન - દર્શન કરી ધર્મશાળામાં પરત ફર્યા હતા.

દરેક આરાધકોએ સંપૂર્ણ ઓળી સુખ-શાતાપૂર્વક પૂર્ણ કરેલ. તેઓ શાશ્વતા તીર્થમાં અને સામૂહીક હોવાથી પૂર્ણ કરી શક્યા છીએ. સાથે વિ.સં. ૨૦૮૦ આસો માસની શાશ્વતા નવપદજીની આયંબીલ ઓળીના લાભાર્થી માતુશ્રી લલિતાબેન તારાચંદ પોપટલાલ શેઠ (ચુડા - જુહુ વિલેપાર્લા) સ્વ. શ્રી રાજેશભાઈના આત્મશ્રેયાર્થે પરિવારે લીધાની જાહેરાત સાથે દરેક આરાધકોને જોડાવા ભાવભીનું આમંત્રણ આપવામાં આવેલ.

આરાધક ભાઈઓ-બહેનોને 'મેન્થોડેક્ષ' બામની બોટલ- ૧ શ્રીમતી રશ્મીબેન નલીનભાઈ દોશી હ. શ્રી નીરવ દોશી તરફથી પ્રભાવના કરવામાં આવેલ ભૂરી-ભૂરી અનુમોદના. આ શાશ્વતી નવપદજી ઓળીના પ્રસંગે સમાજ રત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ, શ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહ (અમદાવાદ) અને શ્રી દિલીપભાઈના ભાઈઓ શ્રી નિલેશભાઈ તેમના ધર્મપત્ની, શ્રી હર્ષદભાઈ તેમના ધર્મપત્ની હાજર રહ્યા હતા.

## ચૈત્ર માસની આયંબિલ ઓળીના દરેક દિવસના તપ-ધર્મ-તીર્થ-પૂજનની વિશિષ્ટ ઝલકો

- નિત્ય દૈનિક શ્રી યોગશ્રમણ વિજયજી મ.સા.નું વ્યાખ્યાન.
- નિત્ય દૈનિક સા.ભ. શ્રી પરાગયશાશ્રીજી મ.સા.નું શ્રીપાળ રાજા - મયણાસુંદરીના રાસનું વાંચન - અધ્યયન.
- પંડિતવર્ય વિધિકાર શ્રી જયદીપભાઈ દ્વારા 'જૈન ધર્મના રહસ્યો' વિષય પર પાંચ દિવસ પ્રવચન.
- ધર્મ પ્રચારક ડૉ. શ્રી તેજસાહેબ દ્વારા મોક્ષ માર્ગ વિષય ઉપર વિશિષ્ટ ઉદાહરણ સાથેનું પ્રવચન.
- પ.પૂ. મુનિભગવંત શ્રી યોગશ્રમણ વિજયજી મ.સા.ના સુમધુર કંઠે 'શક્રસ્તવ' પૂજન અર્થસભર ભાવવાહી રાગમાં ભણાવેલ.
- વર્ષમાં ફક્ત બે વખત (શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ચૈત્ર સુદ - ૧૩ અને શ્રી મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણક આસો વદ અમાસ) થઈ શકે તે શ્રી મહાવીર સ્વામી પુષ્પ નિધાન અનુષ્ઠાન પૂજન લાભાર્થી પરિવાર અને દરેક આરાધકોએ લાભ લીધેલ.
- શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે પ્રભુજીના રથ સાથે શ્રી જય તળેટીની શોભાયાત્રા ચતુર્વિધ સંઘ સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રાવિકા, આરાધકો, વિશિષ્ટ વસ્ત્રો પરિધાન સાથે સાફા અને ગળામાં જૈનધર્મનો ધ્વજ ખેશ પહેરી સામૂહિક ચૈત્ય વંદન - દર્શન જુહારેલ.
- પાલીતાણા શહેરના જિનાલયો (૧૦૦ વર્ષ થી ૨૫૦ વર્ષના પ્રાચીન) નાં દર્શન - પૂજા સ્પર્શના આરાધકોએ કરેલ.
- પાલીતાણા શહેરના આજુ બાજુના તીર્થો અઢીદ્વીપ, કીર્તીધામ, સિધ્ધવડ, ઘેટી પગલા વગેરે દરેક આરાધકોની દર્શન - પૂજા વગેરે કરાવેલ.
- સુરૂચિ ભોજન દ્વારા અત્તરવાયણા અને શાહી પારણા અને બપોરના ભોજનમાં રસ-પૂરીનું પ્રીતીભોજન.

---

## લાભાર્થી પરિવાર તથા આરાધકો તરફથી પ્રભાવના

**દિવસ પહેલો**

રૂ. નામ વિસ્તાર

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- શ્રીમતી ભાવનાબેન દીપકભાઈ દેસાઈ - અંધેરી
૧૦/- શ્રીમતી મયુરીકાબેન વિરેનભાઈ અજમેરા - ઘાટકોપર
૫/- શ્રીમતી હંસાબેન હરીશભાઈ શાહ - અંધેરી
૫/- શ્રીમતી ભારતીબેન રમેશભાઈ શાહ - અમદાવાદ

**દિવસ બીજો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- શ્રીમતી આશાબેન જયસુખભાઈ શાહ - અમદાવાદ

**દિવસ ત્રીજો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- બ્લોક નં.૫૦૧ના આરાધક ભાઈઓ તરફથી
૧૦/- માતુશ્રી હીરાબેન નટવરલાલ શાહ - અમદાવાદ
૧૦/- આ.ભ. શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**દિવસ ચોથો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- બ્લોક નં.૩૦૩ના આરાધક બહેનો તરફથી

**દિવસ પાંચમો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૨૦/- શ્રીમતી અશ્વિનાબેન મનોજભાઈ ગાંધી - અમદાવાદ
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- શ્રીમતી મધુબેન-શ્રીમતી હંસાબેન બ્લોક નં.૨૦૧ તરફથી
૧૦/- શ્રીમતી પારૂલબેન મહેશકુમાર શાહ - સુરત

**દિવસ છઠ્ઠો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- શ્રીમતી રૂપાબેન પંકજભાઈ મહેતા - અમદાવાદ
૧૦/- શ્રીમતી બીનાબેન દિલીપભાઈ શાહ રૂમ નં.૨૦૫ તરફથી

**દિવસ સાતમો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- શ્રીમતી મૃદુલાબેન જયસુખલાલ શાહ - ઘાટકોપર
૧૦/- વીણાબેન, ઈન્દુબેન, જ્યોત્સનાબેન રૂમ નં. ૪૦૪
૫૦/- શ્રી રાજેશભાઈ જોધાણી, કુલીનકુમાર ટૂર
૧૦/- શ્રીમતી ઉર્મિલાબેન દીપકભાઈ શાહ રૂમ નં.૨૦૫
૧૦/- શ્રીમતી જાગૃતિબેન પંકજભાઈ શાહ - રૂમ નં.૨૦૫
૧૦/- શ્રીમતી ગીતાબેન અરૂણભાઈ શાહ - રૂમ નં.૨૦૫
૧૦૦/- માતુશ્રી મંજુલાબેન ખીમચંદભાઈ શાહ - માટુંગા
૨૦/- શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ - ગોરેગાવ
૫૦/- શ્રી કમલેશભાઈ ચીનુભાઈ છગનલાલ શાહ - દાદર

**દિવસ આઠમો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર

**દિવસ નવમો**

૨૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ - દાદર
૧૦/- માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ શાહ - વાલકેશ્વર
૧૦/- શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ શાહ - બોરીવલી
૧૦/- શ્રીમતી સ્મિતાબેન સુભાષભાઈ શાહ - મીરારોડ
૧૦/- શ્રી અશ્વિનભાઈ પદ્મકાંતકાંત શાહ - બોરીવલી
૫૦/- માતુશ્રી જયાબેન ઉત્તમચંદ શાહ - લીંબડી

# શાશ્વતી નવપદજી ઓળીના આરાધકોના અભિપ્રાય....

શ્રીમાન દિલીપભાઈ,

તમારા આમંત્રણથી અમે ઓળીની આરાધના કરવા આવ્યા. ટ્રેનમાંથી જેવા ઉતર્યા તેવી બસની સગવડ હતી. ઝાલાવાડ મંડળના દ્વારે સાફા પહેરાવી વાજતે ગાજતે અમારું સ્વાગત કર્યું. એક વખત કિર્તીધામ અને અઢિદ્વીપની તીર્થ લઈ ગયા બીજી વખત આદપુર, સિધ્ધવડ, ઘેટી પગલાની પણ લઈ ગયા. ગાડી કરી પાલીતાણા ગામના પ્રાચીન દેરાસરના દર્શન કરાવ્યા. બધાને ખૂબ આનંદ હતો. બીજે જવાનું હતું પરંતુ ખૂબ જ તડકા પડતા હતા. કોઈની તબિયત ન બગડે તેનું ધ્યાન રાખી એક દિવસ રાત્રે રોહિશાળાની સંધ્યા આરતી દર્શન કરાવ્યા. સંધ્યા ભક્તિ, પંડિતસર અમને ધર્મની સુંદર રમતો રમાડતા. જ્ઞાન સાથે ગમ્મત કરાવી. શ્રી તેજસાહેબે જૈન ધર્મની ઊંડી સમજણ આપી. નાના-નાના દાખલા આપી આપણા જીવનમાં પરિવર્તન આવે તેવુ સમજાવ્યું. લાભાર્થી પરિવાર તથા સંઘના સભ્યોએ આરાધકોનું ખૂબજ ધ્યાન રાખ્યું છે. શ્રીમતી શ્વેતાબેન તથા શ્રીમતી સિલ્વીબેન હસતા મોઢે મુખમાંથી માધુર્ય બોલ બોલી જમાડતા. અને હંમેશા હસતા રહેતા. સવાલ-જવાબ થાય ત્યારે દરેકને સાચા જવાબમાં ઈનામ આપતા. વર્ણ પ્રમાણે રોજ પ્રભાવના આપતા તે ખૂબજ સરસ હતી. શ્રી દિલીપભાઈ આપનો તથા શ્રીમતી ભામિનીબેન તથા સર્વે પરિવારજનોનો ખૂબજ આભાર. આવી રીતે સંઘના ઉત્કૃષ્ટ કાર્યો કરતા રહો. એવી ભગવાન પાસે હું પ્રાર્થના કરું છું.

લી. : રંજનબેન મહાસુખલાલ શાહ
કાંદિવલી (વેસ્ટ)

---

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ,

તમારા આમંત્રણથી અમે ઓળીની આરાધના કરવા આવી શક્યા. સૌપ્રથમ અમને સામાન લઈ જવા તથા લાવવાની સગવડ કરી દીધી કે જેથી અમે ટ્રેઈનના ટ્રાવેલીંગ દરમ્યાન ફ્રી રહી શક્યા. સોનગઢથી પાલીતાણા બસની વ્યવસ્થા કરી હતી. દરેક આરાધકોનું ધામધુમથી સ્વાગત કર્યું. અમને બસ દ્વારા જાત્રા કરાવી તથા શ્રીમતી શ્વેતાબેન તથા શ્રીમતી સિલ્વીબેને અમારી સાથે જોડાઈને અમને એમના કરી દીધા. અમને ખૂબજ મજા કરાવી. તે સિવાય પાલીતાણા ગામના પ્રાચીન દેરાસર પણ સેવા-પૂજા કરાવી. અમને ગમ્મત સાથે જ્ઞાન પણ કરાવ્યું. લાભાર્થી પરિવાર તથા સંઘના સભ્યોએ આરાધકોનું ખૂબજ ધ્યાન રાખ્યુ. શ્રી દિલીપભાઈ આપ તથા શ્રીમતી ભામિનીબેનનો ખૂબજ આભાર. શ્રી મુકેશભાઈએ પણ આખા પરિવારની જેમ દરેકનું ધ્યાન રાખ્યું. આવી જ રીતે સંઘના ઉત્કૃષ્ટ કાર્યો કરતા રહો એવી શુભેચ્છા. અમે દરેક આરાધકોને ઓળી માટે આવવાની રાહ જોઈએ છીએ.

લી.: કાજલ નિલેશ વોરા
કાંદિવલી (વેસ્ટ)

---

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ,

તમારી ખૂબ ખૂબ અનુમોદના તમારા આમંત્રણથી અમે આવ્યા. પહેલાતો જે અમને ટ્રેનની મુસાફરીમાં અમારી સાથે સામાન નહિ. એટલે એટલા સહેલાઈથી ચઢી શક્યા મુસાફરી કોઈ ટેન્શન વગરની થઈ ગઈ. આવ્યા ત્યારે જ આરાધકોનું ધામધૂમથી સ્વાગત જે અમારા ખૂબ શાહી અતરવાયણા અને પછી જે આયંબીલની વ્યવસ્થા ખૂબજ સરસ આટલા પ્રેમથી આયંબીલ કરાવ્યા ત્યારે અમને ખબર પણ ન પડી કે અમે આયંબીલનું વાપરીએ છીએ કે મીઠું ભોજન આવા સુકૃત અને ખૂબજ સરસ અમને સાચવ્યા. રોજ સવારે ક્યારે પડે અને સાંજ ક્યારે પડે હસતા હસતા એની ખબર જ ના પડી ખૂબ જાત્રાઓ જ્ઞાન સાથે ગમ્મત ખૂબ કરાવી અમને ખૂબજ મજા આવી. ખૂબ માન સન્માન થી અમને રાખ્યા. બીજું શું જોઈએ.

લી. : અરૂણાબેન ચંદ્રકાંતભાઈ શાહ
ફોન : ૭૨૦૮૨૫૩૫૭૫

---

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

માનનીય પ્રમુખ શ્રી દિલીપભાઈ તથા સર્વે કમીટી મેમ્બર્સ,

ચૈત્ર મહિનાની ઓળીના આરાધક તરીકે તમે અમને આમંત્રણ આપ્યુ તે આમંત્રણને માન આપીને અમે ઓળી કરી. લાભાર્થી પરિવારે અમને જે સવુલત આપી તે અસ્મરણીય છે. લાભાર્થી પરિવારે જે રીતના આરાધકોનું સંભાળ લીધી છે જે અમે ક્યારે પણ નહીં ભૂલી શકીએ. દરેક આરાધકોનું પર્સનલ સંભાળ રૂમે રૂમે પૂછીને લીધેલી છે. અમે સર્વે આરાધકો સાથે હળીમળીને સરસ આરાધના કરી. આખો દિવસનો

પ્રોગ્રામ એવો સરસ આપેલ કે અમે ઓળીના આરાધકો છીએ એ યાદ પણ નહોતુ આવતુ. શરૂઆતના ૪ દિવસનો શ્રી જયદીપભાઈનો પ્રોગ્રામ સરસ ગોઠવેલ અને એમણે અમને જે જ્ઞાન પીરસ્યુ છે જે અમારી જાણ બહાર હતું. શ્રી નિલેશભાઈ, શ્રી પ્રિયેશભાઈ,શ્રી તેજસરની મીઠી વાણીએ બધાને મોહિત કરી દીધા. હવે ખાસ શ્રીમતી ભામિનીબેન, શ્રી રૂપેશભાઈ, શ્રીમતી શ્વેતાબેન, શ્રીમતી સિલ્વીબેન પ્રેમથી દરેકના હૃદય જીતી લીધા. યાત્રાથી માંડી આંબેલ સુધી દરેકની જે કેર કરી છે તે ભૂલી શકાય તેમ નથી. દરેક કમીટી મેમ્બરનો ખૂબ ખૂબ આભાર.

લી. : રિટા અજય શાહ - કાંદીવલી

---

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ તથા**
**કમીટી મેમ્બરો તથા લાભાર્થી પરિવાર**

આ સાથે જણાવવાનું કે આપે ઓળી કરવાના આમંત્રણ આપવા બદલ હું આપની ખૂબ ખૂબ અનુમોદના કરું છું હું તો જીંદગીમાં સમજણી થઈ પછી પહેલીવાર સૌપ્રથમ આયંબિલ કરવાની ભાવના કરી પણ આખી ઓળી કઈ રીતે અને ક્યારે પૂરી થઈ ગઈ તે ખબર જ નહીં પડી. કોઈ પણ વિઘ્ન નહીં માથું પણ ન દુખ્યુ મને ચા યાદ પણ ન આવી. અને નિર્વિઘ્ને ઓળી પૂરી થઈ ગઈ. લાભાર્થી પરિવારના બન્ને વહુઓ અને દીકરીઓ પર્સનલ રીતે બધાનું ધ્યાન રાખવું અને બધાને પિરસીને પછી જ પોતે વાપરતા. એમના લાગણી અને ભાવનાની તોલે કોઈ ન આવી શકે. પૈસો હોય પણ તેનો સદઉપયોગ અને સુકૃતમાં વાપરવી એ પણ તેમની ઉદારતા છે. રસોડાના દરેક મેમ્બરો પણ અમને ખૂબજ સપોટ કર્યો. પરિવાર માટે તો ક્યા શબ્દો વાપરવા એ જ ખબર નથી પડતી એ લોકોની લાગણી અને સ્વભાવ જીંદગીમાં ક્યારે ન ભૂલી શકીએ. કોઈ પણ મેમ્બર એક ક્ષણ માટે પણ ન બેસે એટલે તેમને દરેક યાત્રા પ્રવાસ વગેરેનું ખૂબજ સરસ આયોજન કર્યું અને દરેક આરાધકની ઓળી કોઈ કષ્ટ વગર પૂરી થઈ ગઈ તે માટે અમે દરેક મેમ્બરનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

લી. : સ્મીતા ભદ્રેશકુમાર શાહ
બોરીવલી (ઈસ્ટ)

---

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

માનનીય પ્રમુખશ્રી, જય જીનેન્દ્ર

ચૈત્ર માસ ૨૦૨૪ની ઓળી નહી ભૂલાશે. કારણ તમારા બધાના હસમુખા ચહેરા ખૂબ જ તમારી યાદ આવશે લખવું તો ઘણું છે. પરંતુ શબ્દ ઓછા પડે છે. કારણ શ્રીમતી ભામિનીભાભી, શ્વેતા દીકરી તેમ જ સિલ્વી બેટા, રૂપેશ બેટાની સાથે જે ૧૧ દિવસ કાઢ્યા તે ખૂબ જ ઓછા લાગ્યા એમ જ થયું આ પરિવાર લક્ષ્મી તો કમાય પરંતુ એજ લક્ષ્મીનો સદ્ઉપયોગ પણ કરી જાણ્યો. બસ પ્રભુ પરમાત્મા તમારી પર એવી અસીમ કૃપા કરે કે આવી રીતે જ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરે અમારાથી કોઈપણ ભૂલચૂક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ. તમારા પ્યારને સલામ....

લી. : જસ્મીના મુકેશ શાહ

---

ચૈત્ર માસની શાશ્વતી ઓળી ભૂલી શકાશે નહીં. ખુબજ સુંદર અર્થવ્યવસ્થા, સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબની સુંદર શૈલીમાં પ્રવચન શ્રીપાળ રાજાનો રાસ વગેરે સાંભળવાની ખુબજ મજા આવી. વળી આદીનાથ દાદાની છત્રછાયામાં ઓળી કરવા મળી. મારા જીવનની સુંદર પળ હતી. દરેક પ્રોગ્રામ સુંદર હતા. લાભાર્થી પરિવારનો ખૂબજ મિલનસાર સ્વભાવ હતો. શ્રીમંતાઈની સાથે ખુબજ નમ્રતા વગેરે જોઈને ખુશી થાય હું તો પહેલીવાર આવી છું પણ ખુબજ મજા આવી. લક્ષ્મીનો ખુબજ સુંદર ઉપયોગ કર્યો. લાભાર્થી પરિવારના જેટલા વખાણ કરીએ એટલા ઓછા. બસ આવા ધાર્મિક ખુબજ ઉત્સાહથી સાથ આપ્યો. લખતા કંઈ પણ અવિનય થયો હોય તો મિચ્છામિ દુક્કડમ

લી. : કલ્પના આર. શાહ

---

વડીલશ્રી દિલીપભાઈ,

ચૈત્રમાસની ઓળી ખરેખર અકલ્પનીય, અદ્ભૂત અને અવર્ણનીય. આપ સર્વેની ભૂરી ભૂરી અનુમોદના

લી. : સરોજ એમ. શાહ


*Bhavin Shah* *Jaymin Shah* *Rohan Shah*

**GAUTAM STEEL INDUSTRIES**

***Mfg. and Stockist in :-***
**S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.**

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014 (R) 2885 0621 / 28017611

♦ ♦ ♦

Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park
Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com

# ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ એવમ જૈન જાગૃતી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (J.J.C)

ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ એવમ જૈન જાગૃતી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (JJC) દ્વારા સૌપ્રથમ વખત સંયુક્ત રીતે તા.૩૧-૩-૨૦૨૪ રવિવારનાં રોજ SNDT કોલેજ ઓડીટોરીયમ - માટુંગા ખાતે ઝાલાવાડ સમાજ એવમ સંપૂર્ણ જૈન સમાજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને તથા તેમના વાલીઓ માટે હાયર એજ્યુકેશન (માસ્ટર્સ પ્રોગ્રામ) તથા ધો.૧૦ અને ૧૨માં પછી કારકીર્દી વિશેની સંપુર્ણ માહીતી આપતો આખા દિવસનો એજ્યુકેશન સેમીનાર યોજેલ હતો.

આ આખા દિવસનાં સેમીનારમાં સવારનાં ભાગમાં હાયર એજ્યુકેશન (માસ્ટર્સ ડીગ્રી) વિષેની વિસ્તૃત જાણકારી આપતો સેમીનાર જેમાં ૯૦થી વધારે વિદ્યાર્થીઓ ભાગ લીધેલ અને બપોરનાં ભાગમાં ધો.૧૦ અને ૧૨ પછીની કારકીર્દી વિશેની જાણકારી આપતો સેમીનાર જેમાં ૧૨૫થી વધારે વિદ્યાર્થીઓને તેમના વાલી સાથે ભાગ લીધેલ હતો.

સવારનાં ૯.૩૦ કલાકે હાયર એજ્યુકેશન સેમીનારમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ તેમના વાલીઓ સાથે આવવાનું ચાલુ કરેલ. રજીસ્ટ્રેશન કાઉન્ટર ઉપર JJC ના સ્ટાફ ઉપરાંત સાયન-માટુંગા યુવા મંડળનાં સભ્યોએ કામગીરી સંભાળેલ. દરેક વિદ્યાર્થી રજીસ્ટ્રેશન બાદ ચા-બિસ્કીટને ન્યાય આપતા એક બીજા સાથે પરિચય કેળવતા હતા. JJC સેન્ટ્રલ બોર્ડનાં તમામ ટ્રસ્ટીગણ તથા ઝાલાવાડ ગ્લોબલનાં ટ્રસ્ટીઓ પણ વિદ્યાર્થીઓ અને વાલીઓને સુંદર આવકાર આપી રહ્યા હતા.

JJC સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજયભાઈ શાહ, IPC શ્રી જીતુભાઈ કોઠારી, વા.ચેરમેન શ્રી રાજેશભાઈ ગાંધી, પ્રફુલભાઈ કામદાર તથા JJC ના અન્ય તમામ પદાધિકારીઓ, ઝાલાવાડ ગ્લોબલ ટ્રસ્ટનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠ, વા.ચેરમેન શ્રી જીતુભાઈ કોઠારી, સેક્રેટરી શ્રી કિરણભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી પારસભાઈ એચ. શાહ, શ્રી રાહુલભાઈ સંઘવી તથા તમામ પરામંડળ, યુવામંડળનાં પદાધિકારીઓ પણ આ સેમીનારમાં હાજરી આપવા સમયસર પધાર્યા હતા.

બરાબર ૧૦ કલાકે નમસ્કાર મહામંત્ર તથા સરસ્વતી વંદનાની સ્તુતિથી સુંદર શરૂઆત થઈ. JJC ના વા.ચેરમેન શ્રી પ્રફુલભાઈ કામદારે સૌને આવકાર આપી કાર્યક્રમની રૂપરેખા આપી અને JJC ચેરમેન શ્રી સંજયભાઈ શાહને આમંત્રિત કર્યા. શ્રી સંજયભાઈ શાહે પધારેલ દરેકને સુંદર આવકાર આપેલ અને જણાવેલ કે JJC છેલ્લા ૧૫થી વધુ વર્ષથી હાયર એજ્યુકેશન માટે સહાય કરી રહેલ છે. જેના અંર્તગત ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સહાય કરી ચુકેલ છે અને ઝાલાવાડ ગ્લોબલ ટ્રસ્ટ પણ તેમના પગલે છેલ્લા ૩ વર્ષથી  ખુબજ સરસ કામગીરી કરી રહેલ છે. અને આજે સંયુક્ત સેમીનારનાં આયોજન બદલ બન્ને સંસ્થાના પદાધિકારીઓને અભિનંદન આપેલ.

ત્યારબાદ JJC નાં વા.ચેરમેન શ્રી પ્રફુલભાઈ કામદાર અને રાજેશભાઈ ગાંધીએ જણાવેલ કે JJC એ અત્યારસુધીમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને રૂા.૯૦ કરોડથી વધારે રકમની સહાય કરેલ છે. અને સૌથી અગત્યની વાત એ છે કે આમાથી લગભગ ૯૫% થી વધારે રકમ વિદ્યાર્થીઓ પરત કરી ચુકેલ છે.

ત્યારબાદ ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠને આમંત્રીત કરેલ. તેઓએ પણ પધારેલ  સર્વેનું ભાવભીનું સ્વાગત કરતા જણાવેલ કે આપણી એવી ઈચ્છા છે કે ઝાલાવાડ સમાજનાં દરેકે-દરેક ઘરમાંથી ઓછામાં ઓછો એક વિદ્યાર્થી કે વિદ્યાર્થીની હાયર એજ્યુકેશન પ્રાપ્ત કરે અને ગ્લોબલ ટ્રસ્ટ સંપૂર્ણપણે એ વિદ્યાર્થીને મદદરૂપ થવાનો પ્રયત્ન કરશે. તેમણે પણ આજનાં આ સુંદર સંયુક્ત આયોજન બદલ બન્ને સંસ્થાઓના તમામ પદાધીકારીઓને અભિનંદન આપેલ.

ત્યારબાદ કાર્યક્રમમાં આગળ વધતા ઝાલાવાડ ગ્લોબલ ટ્રસ્ટનાં સેક્રેટરી અને આ સંપૂર્ણ કાર્યક્રમની

પરિકલ્પના જેમણે કરેલ એવા શ્રી કિરણભાઈ શાહે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા દરેક વિદ્યાર્થીઓને અને વાલીઓને ખૂબજ ઉપયોગી એવી કોલેજનાં એડમીશનથી લઈને કોલેજ ફી માટેની સંપૂર્ણ નાણાકીય સહાય સુધીની વિસ્તૃત જાણકારી આપી હતી. JJC, ઝાલાવાડ ગ્લોબલ ટ્રસ્ટ ઉપરાંત બીજી ઘણી બધી જૈનોની અને જૈનેતર સંસ્થાઓ જે વિદ્યાર્થીઓને નાણાકીય સહાય આપે છે, તેની સંપૂર્ણ માહીતી આપી હતી જે તમામ સંસ્થાઓ સાથે મળીને કામ કરે છે જેનાથી વિદ્યાર્થીઓને અને વાલીઓને જેના દ્વારા વિદ્યાર્થીની સંપૂર્ણ નાણાકીય જરૂરીયાત પૂર્ણ થઈ શકે છે એવી માહીતી શ્રી કીરણભાઈ શાહે વિસ્તાર પૂર્વક આપી હતી.

ત્યારબાદ ઝાલાવાડ ગ્લોબલનાં વાઈસ ચેરમેન તથા JJC Central બોર્ડનાં IPC અને JJC માં હાયર એજ્યુકેશન લોનની સ્કીમના પ્રણેતા એવા શ્રી જીતુભાઈ એસ. કોઠારીને આમંત્રીત કરેલ જેમણે પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓએ શા માટે U.S.A માં જ હાયર એજ્યુકેશન માટે જવુ જોઈએ તે વિષય ઉપર પોતાના વિશાળ અનુભવનાં આધારે ખુબજ ઉપયોગ એવી વિસ્તૃત જાણકારી આપી હતી. શ્રી જીતુભાઈ કોઠારી છેલ્લા ૧૫ થી વધુ વર્ષોથી JJC ના હાયર એજ્યુકેશન લોન પ્રોજેક્ટ સાથે સંકળાયેલ છે. અને તેમનાં અનુભવોને આધારે દરેક વાલીઓને અપીલ કરેલ કે વાલીઓએ ફક્ત ૧૦ થી ૧૫% રકમની જ તૈયારી કરવાની હોય છે. બાકીની રકમ અલગ અલગ સંસ્થાઓ દ્વારા મળતી હોય છે.

શ્રી જીતુભાઈ કોઠારીએ છેલ્લે વિદ્યાર્થીઓ અને વાલીઓની સરળતા માટે ટ્રસ્ટ દ્વારા વિશ્વસનીય એજ્યુકેશન કન્સલટન્ટની નીમણુંકની પણ જાહેરાત કરી હતી. આ કન્સલટન્ટ જેઓ પણ આપણા સમાજનાં જ છે અને "EASY EL" નામની કંપની ચલાવે છે. તેઓ વિદ્યાર્થીઓને કોલેજનાં સીલેક્શન - એપ્લીકેશન - એડમીશન પ્રોસેસથી લઈને એજ્યુકેશન લોન, વીસા પ્રોસેસ અને છેલ્લે વિદ્યાર્થીએ નક્કી કરેલ કોલેજમાં પ્રવેશ માટે પહોંચી જાય ત્યાં સુધીની સેવા આપશે અને એના માટે ખુબજ નજીવી ફી લઈને સંપૂર્ણ કામ કરશે જેને સમગ્ર વિદ્યાર્થીઓએ અને વાલીઓએ ખુબજ સારી રીતે વધાવી લીધી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓને હજી કાંઈ પણ શંકા-સવાલ કે સંકોચ હોય તો તેવા માટે સવાલ-જવાબ કાર્યક્રમનું આયોજન કરેલ જેના જવાબો આપવા માટે પેનલમાં શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી સંજયભાઈ શાહ, શ્રી હરનીષભાઈ એમ. શાહ તથા શ્રી પારસભાઈ એચ. શાહ અને ESAY EL શ્રી નિમિથભાઈ શાહ વિગેરે હતા. મોડરેટર શ્રી કિરણભાઈ શાહ હતા. વિદ્યાર્થીઓનાં દરેક સવાલોના સચોટ, યોગ્ય જવાબો આપી સંપૂર્ણ માર્ગદર્શન આપેલ.

છેલ્લે આભારવિધી શ્રી પારસભાઈ એચ. શાહે કરી બન્ને સંસ્થાઓને આભાર વ્યક્ત કરી વિદ્યાર્થીઓને જણાવેલ કે આપણી જેવી સંસ્થાઓ તથા માતા-પિતા પ્રત્યે ઋણ હંમેશા ચુકવતા રહેશો સાથે સાથે મિત્રો - સગા-સંબંધીઓને જોડીને એક સશક્ત સમાજનું નિર્માણ થાય એવુ જોવાની અપીલ કરી હતી.

પ્રથમભાગ પૂર્ણ થયા બાદ દરેક સુંદર ભોજનને ન્યાય આપ્યા બાદ બરોબર ૨.૦૦ કલાકે બીજા ભાગની શરૂઆત થઈ હતી. જેમાં ખાસ કરીને આજનાં ખુબજ ઉપયોગી એવા સુંદર સેમીનારની શરૂઆત થઈ. ધો.૧૦ અને ૧૨ કોમર્સ પ્રવાહનાં નિષ્ણાંત સ્પીકર શ્રી અલ્પેશભાઈ શાહ, શ્રી વિજયભાઈ પટેલ ખુબજ છણાવટ પૂર્વક વિદ્યાર્થીઓને માહીતી આપેલ. ત્યારબાદ સાયન્સ પ્રવાહ માટે પ્રખ્યાત એવા દાણી ક્લાસીસ વાળા યુવા સ્પીકર શ્રી કેયુરભાઈ દાણીએ ખુબજ જોસપૂર્વક ખુબજ ઉપયોગી એવું માર્ગદર્શન આપેલ હતું. છેલ્લાં સવાલ-જવાબ દરમ્યાન ત્રણેય સ્પીકરોએ વિદ્યાર્થી તથા વાલીઓનાં ઘણા બધા મુંઝવતાં પ્રશ્નોનું સચોટ ઉદાહરણ આપેલ આમ બન્ને સેમીનારો સાંજનાં ૪.૩૦ વાગે પૂર્ણ થયેલ.

આ સેમીનારનાં પ્રચાર-પ્રસાર માટે દરેક પરામંડળ, દરેક યુવા મંડળનો સાથ સહકાર મળેલ. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તથા બીજી કામગીરીમાં શ્રી પ્રિતેશભાઈ શાહ - ઘાટકોપર, શ્રી પ્રતિકભાઈ શાહ - ભાયંદર ના સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયેલ. આવા માહીતી પૂર્ણ સેમીનાર રાખવા બદલ બન્ને સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ – અંધેરી

ટ્રસ્ટ રજી. નં. E-25947 (મુંબઈ) w.e.f. 12-08-2009
**Mahendrabhai C. Shah,** Shop No.7, Shivkrupa - H, Gr. Floor, Old Nagardas Road, Andheri (East), Mumbai - 400 069. M: 9322728222 (Time : 11 am to 2 pm)



| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | મંત્રી | મંત્રી | ખજાનચી | સહ ખજાનચી |
|---|---|---|---|---|---|---|
| મહેન્દ્રભાઈ શાહ | અતુલભાઈ પરીખ | કિરણ કે. શાહ | દર્શન વી. શાહ | કિર્તી ધ્રુવ | આશીષ શાહ | યશવંત કોઠારી |
| ૯૩૨૨૭ ૨૮૨૨૨ | ૯૮૨૦૦ ૨૬૯૩૩ | ૯૮૨૧૦ ૫૨૭૦૫ | ૮૧૦૪૯ ૯૯૩૧૮ | ૯૨૨૩૩ ૨૨૨૩૫ | ૯૭૬૯૧ ૩૮૦૮૮ | ૯૩૨૩૦૮૬૦૫૫ |



**શ્રીમાન / શ્રીમતી સભ્ય પરિવાર,**

આપણા મંડળના પરિવારો એકબીજાને હળે, મળે, આનંદ કરે, મનોરંજન કાર્યક્રમની મહેફીલ માણે, આનંદ - મિલન ભોજનની સંગત માણે એ હેતુથી **'વાર્ષિકોત્સવ'** કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપને પરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

દરેક સભ્યમિત્રોને ખાસ વિનંતી છે કે આપ વાર્ષિકોત્સવ કાર્યક્રમના દિવસે અન્ય કોઈ રોકાણ ન રાખતા આપણા ઝાલાવાડ મંડળ અંધેરીના આંગણે જરૂરથી સમયસર પધારો અને માણો..





## જૂના નવા ગીતોની યાદગાર મહેફીલ

# મનોરંજનની મહેફીલ

## મ્યુઝીક મસ્તી



**અવ્વલ દરજ્જાનો સંગીત મઢ્યો કાર્યક્રમ**

**તા.૨૬-૫-૨૪ રવિવાર સવારે ૯.૩૦ થી**

**કિસનચંદ વાલેચા સ્મૃતિ સભાગૃહ**
કમલા રાહેજા કોલેજ, વિદ્યાનિધિ માર્ગ,
J.V.P.D., જુહુ, મુંબઈ - ૪૦૦૦૪૯.

- ❑ આ મ્યુઝીકલ રોમાંચક કાર્યક્રમ પરિવાર સાથે સમયસર પધારી માણવાનું ચુકશો નહીં.
- ❑ કાર્યક્રમ અચૂક સવારે ૯.૩૦ કલાકે શરૂ થઈ જશે અને બપોરે ૧.૦૦ સુધી ચાલુ રહેશે.
- ❑ જે તપસ્વીઓ તથા વિદ્યાર્થીઓ સભાગૃહમાં હાજર રહેશે તેઓનું જ બહુમાન કરવામાં આવશે.

**-: કાર્યક્રમની રૂપરેખા :-**

| | |
|---|---|
| ❖ સવારના ૮થી ૯.૩૦ | ચા-કોફી-નાસ્તો |
| ❖ સવારના ૯.૩૦ થી ૧૦.૦૦ | નવકારમંત્ર - આવકાર<br>તપસ્વીઓનું બહુમાન<br>વિદ્યાર્થીઓનું બહુમાન |
| ❖ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ | મનોરંજનની મહેફીલ - ગીત સંગીત<br>મહેફીલ સોનેરી સવારે મ્યુઝીક મસ્તી |
| ❖ બપોરના ૧૨ થી ૧.૦૦ | માનવંતા મહેમાનોનું અભિવાદન |
| ❖ બપોરના ૧ થી ૨.૩૦ | સ્નેહ મિલન ભોજન |

પધારો પ્રેમથી
ઉમંગથી અને
પરસ્પર પરિવારનો
પરિચય કેળવો અને
આત્મીયતાના સંબંધોની
મીઠી સુવાસ માણો.

**કાર્યક્રમની જાણ મંડળના અન્ય સભ્યમિત્રોને કરવા વિનંતી. વધુ વિગત માટે સંપર્ક :**
**મહેન્દ્રભાઈ સી. શાહ - ૯૩૨૨૭ ૨૮૨૨૨**
**દર્શનભાઈ વી. શાહ - ૮૧૦૪૯ ૯૯૩૧૮ ❖ કિર્તી ધ્રુવ - ૯૨૨૩૩ ૨૨૨૩૫**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ

**સંચાલિત: શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ (યાત્રિક ભવન) પાલીતાણા**

શાશ્વતા તીર્થાધિરાજ સિધ્ધગીરીરાજ તીર્થ ભુમી ઉપર આસો માસની શાશ્વતી નવપદજી આયંબિલની ઓળી

## લાભાર્થી : માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ પરિવાર

**સ્વ.શ્રી રાજેશભાઇ તારાચંદ પોપટલાલ શેઠના આત્મશ્રેયાર્થે**

(ચુડા નિવાસી હાલ જુહુ – વિલેપાર્લા મુંબઇ)

વિક્રમ સંવત - ૨૦૮૦ આસો સુદ - ૬ સોમવાર તા. ૦૯/૧૦/૨૦૨૪ થી ૧૭/૧૦/૨૦૨૪

આરાધક અરજી પત્રક (નિયમો વાંચીને પછી ફોર્મ ભરવું).

| | | |
|---|---|---|
| નામ : | ઉંમર વર્ષ : | વજન: |
| પતિ / પિતાનું નામ : | મુળ વતન : | |
| વોટસ્અપ મોબાઇલ નં : ૧). | ૨) | |
| સરનામું : | | |
| | | |
| | પિન કોડ : | |
| ઝાલાવાડ માં વિ.સં ૨૦૭૯ ચૈત્ર ☐ આસો ☐ વિ.સં. ૨૦૮૦ ચૈત્ર ☐ ઓળી કરવા આવેલ હતા / હતી<br>V નિ નિશાની કરવા વિનંતી. | | |

અગાઉ પુરી કરેલ આયંબિલની ઓળીની સંખ્યા.........................

સંપર્ક હેતુ પરિવાર સભ્ય ની વિગત (મુંબઇમાં રહેતા)

નામ.................................................... મો.નં:.......................

બીમારી હોય તો તેની વિગત: બી.પી. હા/ના ☐ ડાયબીટીસ હા/ના ☐

અન્ય બીમારી :.................................................................................

રોજ દવા લેવાતી હોય તેની વિગત:.......................................................

તા.................... ફોર્મ ભરનારની સહીં..........................

| આસો માસની આયંબિલ ઓળી ના કાર્યક્રમની રૂપરેખા | |
|---|---|
| તા. ૦૭/૧૦/૨૦૨૪ સોમવાર | બાંન્દ્રા થી સોનગઢ પ્રસ્થાન (ટ્રેઇન નં: ૧૨૯૭૧)માંજ ટીકીટ પોતે કઢાવવાની રહેશે. |
| તા. ૦૮/૧૦/૨૦૨૪ મંગળવાર | સિધ્ધાચલ ગીરીરાજની યાત્રા (સ્વેચ્છાએ), અતરવાયણા |
| તા. ૦૯/૧૦/૨૦૨૪ થી ૧૭/૧૦/૨૦૨૪ | આયંબિલની ઓળી |
| તા. ૧૮/૧૦/૨૦૨૪ શુક્રવાર | પારણા |
| તા. ૧૮/૧૦/૨૦૨૪ શુક્રવાર | પાલીતાણા થી મુંબઇ પ્રયાણ (ટ્રેઇન નં: ૧૨૯૭૨) ટીકીટ આરાધકે પોતે કઢાવવાની રહેશે. |

**કાયમી સંપર્ક:** નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ

**સુકેતુભાઈ** (જોરાવરનગર)

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ /૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

**નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)**

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.



Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

Jai Jinendra

(O) : 0265 - 2422411
98250 42266

**SULSA TRAVELS**

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS

All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara





Rajesh Shah
+91 - 9820518767

Nimit Shah
+91 - 8976179249



MARKO™
Write with pride...

**NILRAJ ENTERPRISES**

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
- 022 - 28070424
Website : www.markopens.com



Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
